# IPR Overview Basics of Intellectual Property

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત દ્વારા આયોજિત

IPR Overview Basics of Intellectual Property તા. 27.07.2024,

શનિવાર,બપોરે 12:00 કલાકે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી કિશોરસિંહ ચાવડા તેમજ કુલસચિવ શ્રી રમેશદાન ગઢવીની અધ્યક્ષતામાં "IPR Overview Basics of Intellectual Property" વિષય પર એક સેમિનારનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી, આઇડિયા એન્ડ ઇનોવેશન સેલ અને ઇન્સ્ટીટ્યુશન ઇનોવેશન કાઉન્સિલ દ્વારા તારીખ 27.07.2024 ના રોજ યુનિવર્સિટીના એજ્યુકેશન વિભાગ ખાતે કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિધાર્થીઓમાં IPR ને લગતી બેઝિક માહિતી આપવાનો હતો.

સદર પ્રોગ્રામની શરૂઆતમાં યુનિવર્સિટીના ઇન્કયુબેશન સેન્ટરના આસીસ્ટન્ટ મેનેજર શ્રી. દેવાંશી સોલંકી દ્વારા SSIP ફંડિંગ વિશે માહિતી આપવામાં આવી હતી. ત્યાર બાદ પેટન્ટ એટર્ની ડૉ. મીરા શર્માએ વિધાર્થીઓને સ્ટાર્ટઅપ/ રીસર્ચ થકી ડેવલોપ કરતાં પ્રોડક્ટને IPR થકી સુરક્ષિત રાખવા માટે સમજણ આપી. તેમણે IPR ની વ્યાખ્યા આપતા કહ્યું, 'પેટન્ટ, ટ્રેડમાર્ક, જ્યોગ્રાફીકલ ઇન્ડિકેશન, ટ્રેડ સિક્રેટ, કોપીરાઇટ અને ડિઝાઇન ને ઇન્ટ્રલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ (IPR) કહેવામાં આવે છે'. તેમણે કયા ક્ષેત્રે કયા પ્રકારની પેટન્ટ થાય છે. તેના વિશે ઉદાહરણ આપી બેઝિકથી સમજૂતી આપવામાં આવી હતી. આ ઉપરાંત કોઈ યુવાન સ્ટાર્ટઅપ શરૂ કરે અને તેમ કો-ફાઉન્ડર તરીકે મહિલાને પણ સ્થાન આપે તો તેનાથી તેઓને સ્ટાર્ટઅપ માટે મળતી લોન અને પેટન્ટ ગ્રાન્ટ થવામાં પણ બેનિફિટ મળતા હોય છે. પેટન્ટ એક્ટ પ્રમાણે મહિલાઓને રીસર્ચ માટે પ્રોત્સાહિત કરવા તેઓની પેટન્ટ જલદી ગ્રાન્ટ કરાતી હોય છે. વધુમાં કોપીરાઇટસની લીગલ ઓનારશીપથી તમારા મુત્યુના 60 વર્ષ પછી પણ તમારા વંશજોને રોયલ્ટી મળતી રહે છે. આમ ડૉ. મીરા શર્મા દ્વારા આ પ્રોગ્રામમાના અંતમા પેટન્ટ વિશે થોડા સવાલો પૂછી પ્રોગ્રામનો અંત કરવામાં આવ્યો હતો.